જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૮/૧૨/૨૦૧૫ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૪૫૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી ૨૧૨ લીટર દેશી દારૂ, ૧૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૦ બિયરટીન, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૫૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓ અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૫૯/૧૫**

**ઓઢવ :** ભુપેન્દ્રભાઇ અંબાલાલ પટેલ (રહે.શિવશક્તિ એપાર્ટમેન્ટ, અખબારનગર, નવા વાડજ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૧૨/૧૫ બપોરનાં ૧૨/૧૫ વાગ્યાના સુમારે સોનીની ચાલી પુલ નીચે આવેલ બેંક ઓફ બરોડા આગળ એક અજાણ્યો પુરૂષ (૨૦ વર્ષનાં આશરાનો) ભુપેન્દ્રભાઇ પાસે આવી “તમારી ગાડીમાંથી ઓઇલ લીકેજ થાય છે” તેમ કહી ભુપેન્દ્રભાઇની નજર ચુકવી કારમાં મુકેલ રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- ભરેલ પર્સની ચોરી કરી લઇ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જી.બારોટ ચલાવે છે.

**વાડજઃ** ઈન્દીરાબહેન અજીતકુમાર મગોદરીયા (રહે.મેઘવર્ષા એપાર્ટમેન્ટ પોષ્ટ ઓફીસની બાજુમાં જુના વાડજ) એ તા.૭/૧૨/૧૫ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧૧/૧૫ રાતના ૧૧/૨૦ થી તા.૧૦/૧૧/૧૫ કલાક ૦૦/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાંથી અજાણી વ્યક્તિ તિજોરીમાંથી સોનાની બુટ્ટી,સોનાના ઝુમ્મર અને સોનાની ચેઈન મળી કિમત રૂપિયા ૭૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એચ ખરસાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૪૬૦/૧૫**

**ચાંદખેડાઃ** ભ્રમાકુમાર બળદેવજી ઠાકોર (ઉ.વ.૧૯)(રહે.મહાકાળીવાસ મોટેરા ચાંદખેડા) એ પોતાની માતા પાસે મસાલો ખાવા માટે પૈસાની માંગણી કરતા માતા જોડે પૈસા ન હોવાથી પૈસા ન આપતા મનમાં લાગી આવતા તા.૭/૧૨/૧૫ કલાક ૦૦/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લાકડાની વળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાંતીભાઈ બાબરદાસ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **શહેરકોટડાઃ** આકાંક્ષાબહેન સુરેશભાઈ અગ્રવાલ (ઉ.વ.૧૯) (રહે.શ્યામશિખર એપાર્ટમેન્ટ બાપુનગર) તા.૨૨/૧૧/૧૪ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનુ ટી-શર્ટ અને પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૧ ઈંચ છે. (શહેરકોટડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૨૦૦૦૭) |  |
| **ગાયકવાડ હવેલીઃ** મોહમદસાજીદ ગુલામનબી શેખ (ઉ.વ.૩૩) (રહે. જમાલપુર સાંધીવાડ શના સોદાગર ફ્લેટ ગાયકવાડ હવેલી) તા.૧૯/૧૧/૧૫ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ-કાલા રંગનુ ચોકડીવાળુ શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૩ ઈંચ છે.(ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૩૯૦૬૫૫) |  |
| **મેઘાણીનગરઃ** જગદીશ ઉર્ફે જયંતીભાઈ ડોડીયા (ઉ.વ.૪૫)(રહે.ગુજરાત હાઉસીંગબોર્ડ મેઘાણીનગર) તા.૧૪/૧૦/૧૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે અસ્થિર મગજના કારણે કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. મેલા જેવા કપડા પહેર્યા છે. ઉંચાઇ ૫ ફુટ ૪ ઇંચ છે. (મેઘાણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૬૮૧૫૫૫) |  |
| **બાપુનગરઃ** સ્વિટીબહેન મહેન્દ્રભાઈ પટેલ (ઉ.વ.૩૨) (રહે.હર્ષદ કોલોની વિભાગ-૧ ઈન્ડીયા કોલોની પાછળ બાપુનગર) તા.૩૦/૧૧/૧૫ કલાક ૩/૩૦ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. ગુલાબી રંગનુ ટોપ અને કાળા રંગની લેગીઝ પહેરી છે. કપાળના ભાગે જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઇ ૫ ફુટ ૩ ઈંચ છે. (બાપુનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૦૦૫૮૫) |  |
| **વટવાઃ** રંભાબહેન જગદીશભાઈ ગજ્જર (ઉ.વ.૧૬)(રહે.સવિતાનગર, આશાપુરી રેસીડન્સીની બાજુમાં વટવા) તા.૨૨/૧૧/૧૫ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ ફુલ ડીઝાઈનવાળુ ટોપ અને કાળા રંગનો પાયજામો પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૨ ઈંચ છે. (વટવા પોલીસ સ્ટેશન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)